# India strongly condemns the heinous terror attack on a Gurudwara in Kabul today

March 25, 2020

## આજે કાબુલમાં ગુરુદ્વારા પર કરવામાં આવેલા આતંકવાદી હુમલાની ભારત કઠોર નિંદા કરે છે

માર્ચ 25, 2020

અમે મૃતકોનાં કુટુંબીજનોને અંતઃકરણપૂર્વક દિલાસો પાઠવીએ છીએ અને ઈજાગ્રસ્તો ઝડપથી સાજા થાય તેવી શુભેચ્છા પાઠવીએ છીએ. અફઘાનિસ્તાનનાં હિન્દુ અને શીખ સમુદાયનાં અસરગ્રસ્ત પરિવારોને બનતી તમામ સહાય કરવા તત્પર છે.

લઘુમતિ સમુદાયનાં ધાર્મિક પૂજનનાં સ્થળો પર, ખાસ કરીને આ કોવિડ-19 મહામારીનાં સમયે, કાયરતાપૂર્વકનાં હુમલાઓ ગુનેગાપો અને તેઓને પીઠબળ આપતા લોકોની અત્યંત ઘાતકી મનોવૃત્તિને પ્રતિબિંબિત કરે છે.

અમે અફઘાન સુરક્ષા બળોનો હુમલા સામે તેઓનાં વિરતાપૂર્વકનાં પ્રતિભાવ માટે અને અફઘાન લોકોને સુરક્ષિત રાખવા અને દેશનું રક્ષણ કરવા માટેનાં તેઓની ઉત્કૃષ્ટ હિંમત અને સમર્પણની પ્રશંસા કરીએ છીએ.

ભારત અફઘાનિસ્તાનનાં લોકો, સરકાર અને સુરક્ષા બળોનાં દેશમાં શાંતિ અને સુરક્ષા લાવવાનાં પ્રયાસોમાં તેઓની સાથે ઐક્ય ભાવથી ઉભું છે.

**નવી દિલ્હી**
**માર્ચ 25, 2020**

DISCLAIMER : This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.